
# શ્રાવણનો છેલ્લો સોમવાર : શિવાલયો હર-હર મહાદેવના નાદથી ગુંજી ઉઠ્યા

## વહેલી સવારથી જ શિવમંદિરોમાં શિવભક્તોનું ઘોડાપુર જોવા મળ્યુ હતુ : શ્રાવણનો છેલ્લો સોમવાર અને એકાદશી હોવાથી મંદિરોમાં સૌથી વધુ ભીડ

ગાંધીનગર, તા. ૨૨

સોમવારને ભગવાન શિવનો દિવસ માનવામાં આવે છે અને શ્રાવણનો મહિનો ભગવાન શિવનો પ્રિય મહિનો હોવાને કારણે શિવભક્તો ખાસ કરીને શ્રાવણના સોમવારે ભગવાન શિવની પૂજા કરે છે ત્યારે ગાંધીનગરમાં શિવ મંદિરોમાં છેલ્લા સોમવારે વહેલી સવારથી હર હર મહાદેવના નાદથી શિવાલયો ગુંજી ઉઠ્યા હતા. શિવાલયોમાં શ્રાવણના સોમવારે સૌથી વધારે શિવભક્તોની ભીડ જામતી જોવા મળી હતી. ભોળાનાથને રિઝવવા માટે ભક્તોએ શ્રદ્ધાપૂર્વક પૂજા-અર્ચન કરી હતી. ભગવાન શિવજીને બિલીપત્ર, કમળ, દૂધનો અભિષેક કરીને ભક્તિમય માહોલ આ માસમાં જોવા મળ્યો છે. શિવભક્તો ભોળાનાથની ભક્તિમાં લીન થઈ ગયા હતા. વહેલી સવારથી શિવાલયોમાં ભક્તોની ભીડ ઉમટેલી જોવા મળી હતી.

શિવલિંગ ભગવાન શંકરનું એવું મંગલમય રૂપ છે જેના પર અભિષેક કરવાથી મનુષ્યોના કરોડો જન્મના પાપ નષ્ટ થઈ જાય છે. શ્રાવણ માસમાં મંદિરો ધૂન-ભજન-કીર્તન, મંત્ર-જાપથી ગુંજી ઉઠ્યા અને શિવજીના મંદિરોમાં ભગવાન ઉપર પંચામૃતથી અભિષેક કરવામાં આવ્યો, યજ્ઞો દ્વારા આહુતિઓ અપાઈ.

શ્રાવણના છેલ્લા સોમવારે ભગવાન શિવજીના શિવાલયોમાં ભક્તોની ભારે ભીડ જોવા મળી હતી. સોમવારે અજા એકાદશીનું ભાવિકોએ વ્રત કર્યુ હતુ. અનેક ભાવિકોએ શ્રાવણ માસના છેલ્લા સોમવારે એકટાણુ કે ઉપવાસ કર્યા હતા. એક જ દિવસે ભાવિકોને એકાદશી તેમજ સોમવાર નિમિત્તેનું બમણું પુણ્ય મેળવવાનો લાભ મળ્યો હતો. સોમવાર અને શ્રાવણ મહિનાની પૂર્ણાહૂતિનો અનોખો સંયોગ જોવા મળ્યો હતો. શહેર અને ગ્રામ્ય વિસ્તારોના શિવાલયોમાં શિવલિંગને વિવિધ શણગાર કરાયો હતો. શિવમંદિરોને પણ શણગારવામાં આવ્યા હતા. શહેરમાં સમગ્ર વાતાવરણ શિવમય બન્યું હતું. બે વર્ષ બાદ શિવભક્તોને મંદિરોમાં જઈને શિવજીની ભક્તિમાં લીન થવાનો લ્હાવો મળ્યો હતો. શિવજીના શિવલિંગ પર અભિષેક કરવાનો લ્હાવો મળ્યો જેથી ભક્તોએ આ વર્ષ ઉત્સાહપૂર્વક શિવજીનું આરાધના અને દર્શનનો લ્હાવો લીધો. શહેરમાં પંચદેવ મંદિર, ધોળેશ્વર મહાદેવ, વૈજનાથ મહાદેવ, વાસણિયા મહાદેવ સહિતના મંદિરોમાં ભક્તોનું ઘોડાપુર જામ્યુ હતુ.

# જિલ્લામાં ૧૫ હજાર મતદારોની આધારકાર્ડ સાથે નામ લીંક કરવા અરજી

ગાંધીનગર, તા. ૨૨

ગાંધીનગર જિલ્લામાં ૧૫ હજાર કરતાં પણ વધુ મતદારોએ તેમના નામ આધારકાર્ડ સાથે લીંક કરવા માટેની અરજીઓ તંત્રને આપી છે.

મતદારકાર્ડને આધાર સાથે લીંક કરવાનું ચૂંટણી પંચે નક્કી કર્યુ છે. હાલ આ મરજીયાત હોવા છતાં ગઈકાલે યોજાયેલ ખાસ ઝુંબેશમાં મતદારોએ આ બાબતે વધુ રસ દાખવ્યો છે.

મતદાર નોંધણીના નિયમોમાં ફેરફાર સાથે સંક્ષિપ્ત સુધારણા ઝુંબેશના પ્રથમ રવિવારે જિલ્લામાં નવા નામ દાખલ કરવા માટે ૩૬૪૨ અરજીઓ મળી હતી.

નવા નામ દાખલ કરવામાં ૧૮ થી ૧૯ વર્ષની વયજૂથમાં સારો ઉત્સાહ જોવા મળ્યો હતો. ગઈકાલની ઝુંબેશ દરમ્યાન ૧૮૦૦ થી પણ વધુ અરજીઓ મળી હતી. જ્યારે ૨૦ થી ૨૯ વર્ષના વયજૂથમાં નવા નામ દાખલ કરવા માટે ૮૦૨ અરજીઓ મળી હતી.

જિલ્લામાં મતદારયાદીનું નામ આધાર લીંક કરવા માટે દહેગામ અને કલોલમાંથી પાંચ-પાંચ હજાર કરતાં વધુ અરજીઓ મળી છે. જ્યારે સૌથી નબળો પ્રતિસાદ ગાંધીનગર(દ) અને ગાંધીનગર(ઉ)માં અને માણસામાંથી જોવા મળ્યો છે.

નામ કમી કરવા માટે ૧૪૯૮ અરજીઓ અને નામમાં તેમજ વિસ્તારમાં થયેલા ફેરફારના સુધારા માટે ૨૨૦૦ જેટલી અરજીઓ તંત્રને મળી છે.

ગઈકાલે યોજાયેલ ખાસ ઝુંબેશમાં જિલ્લાતંત્રને ૨૩ હજારથી વધુ અરજીઓ મળી છે. ગઈકાલની ઝુંબેશને મળેલા સારા પ્રતિસાદને પગલે તંત્રએ પણ હવે ચોકસાઈ સાથે આગળ વધવાનો નિર્ણય કર્યો છે.

### રાજકીય પક્ષો માટે આજે ખાસ મોકપોલ યોજાશે

ગાંધીનગર જિલ્લામાં આજે ચૂંટણી તંત્ર દ્વારા રાજકીય પક્ષો માટે મોકપોલનું આયોજન કરવામાં આવ્યુ છે.

વાવોલ ખાતેના વેરહાઉસ ખાતે રાજકીય પક્ષો માટે યોજાયેલ મોકપોલની તૈયારીઓ ચૂંટણીતંત્ર દ્વારા કરવામાં આવી છે.

ઈવીએમના ફર્સ્ટ લેવલ ચેકિંગ બાદ પ્રથમવાર રાજકીય પક્ષો માટે આ મોકપોલ યોજાઈ રહ્યુ છે. આ મોકપોલ માટે તંત્ર દ્વારા તમામ રાજકીય પક્ષોને ખાસ નિમંત્રણ પણ મોકલી આપવામાં આવ્યા હોવાનું જાણવા મળેલ છે.

જિલ્લામાં ઈવીએમનું ફર્સ્ટલેવલ ચેકિંગ ૧લી ઓગષ્ટથી ૧૫ ઓગષ્ટ દરમ્યાન હાથ ધરવામાં આવ્યુ હતુ. પર્વો અને રજાઓ પૂર્ણ થતાં જ હવે મોકપોલની કામગીરી હાથ ધરવામાં આવી રહી છે.

# જુના સચિવાલયમાં વિકલાંગો માટે નવી પાંચ લીફ્ટ મુકવામાં આવશે

## એક બ્લોકમાંથી બીજા બ્લોકને જોડતા પેસેજ અને લીફ્ટની સુવિધાના આધારે વિકલાંગો માટે તમામ બ્લોકમાં અવરજવર કરવાનુ સરળ રહેશે

ગાંધીનગર તા ૨૨

જુના સચિવાલયમાં વિકલાંગોને અનુલક્ષી આગામી દિવસોમાં નવી પાંચ લીફ્ટ મુકવામાં આવશે. આ દરેક લીફ્ટ બે બ્લોક સાથે જોડાશે જયારે બે બ્લોક વચ્ચે એક એ મુજબ લીફ્ટની વ્યવસ્થા કરવામાં આવી હતી. જયારે આ વ્યવસ્થાને અનુલક્ષી ત્રણ લીફ્ટ મુકવામાં આવી હતી જયારે નવા આયોજન મુજબ જુના સચિવાલયમાં લીફ્ટ મુકવા માટે રૂ ૧.૩૧ કરોડનો ખર્ચ કરાશે.

નગરની સરકારી કચેરીઓના બિલ્ડીંગોને પણ તબક્કાવાર અદ્યતન બનાવામાં આવી રહ્યા છે. શહેરના જુના અને કંગાળ સરકારી આવાસો તોડીને નવા બનાવામાં આવી રહ્યા છે. જયારે સરકારી કચેરીઓની વર્ષો જુની ઓળખ બદલાઈ રહી છે. ટેકનોલોજીથી સજ્જ કચેરીઓમાં અદ્યતન સુવિધાઓ ઉભી કરવામાં આવી રહી છે. શહેરના જુના સચિવાલયમાં એકબાજુ નવા બ્લોક બનાવવા માટે પણ આયોજન કરાયુ છે. જયારે હાલ વર્ષો જુના આ બ્લોકમાં અન્ય કોઈપણ પ્રકારની સુવિધા નથી જયારે હવે નવી લીફ્ટ મુકવા માટે આયોજન કરાયુ છે. સરકારી કચેરીઓમાં વિકલાંગો પણ સરળતાથી અવરજવર કરી શકે તે માટે બિલ્ડીંગની શરૂઆતમાં રેમ્પ પણ બનાવામાં આવે છે. જયારે જુના સચિવાલયના એક બ્લોકમાંથી બીજા બ્લોકમાં જવા માટે પેસેજની વ્યવસ્થા છે. જેના લીધે વિકલાંગો માટે લીફ્ટ મુકવાનુ આયોજન વધુ સરળ બને તેમ છે. અલબત્ત ઓછા ખર્ચે સુવિધા ઉભી કરી શકાય તેમ છે. પાટનગર યોજના વિભાગના સુત્રોમાંથી મળતી માહીતી અનુસાર અગાઉ ત્રણ લીફ્ટ બે બ્લોકને જોડતી મુકવામાં આવી હતી. જયારે હવે વધુ પાંચ લીફ્ટ મુકવાનુ આયોજન કરાયુ છે. જેના આધારે વિકલાંગ વ્યકિતઓ કુલ ૧૦

● અનુસંધાન પાન-૭ પર

# આજે "સ્વરાજ" ટીવી સિરીયલનું ખાસ સ્ક્રીનીંગ

ગાંધીનગર, તા. ૨૨

દૂરદર્શન પરથી આઝાદી કા અમૃત મહોત્સવની ઉજવણીના ભાગરૂપે પ્રસારિત થતી "સ્વરાજ" ટીવી સિરીયલ માટે આજે મહાત્મા મંદિર ખાતે ખાસ સ્ક્રીનીંગ રાખવામાં આવ્યુ છે.

રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ અને મંત્રીમંડળના સભ્યો, ઉચ્ચ સનદી અધિકારીઓ તેમજ ૪૦૦થી વધુ પદાધિકારીઓને આ માટે આમંત્રણ આપવામાં આવ્યુ છે.

મહાત્મા મંદિર ખાતે યોજાનાર આ સ્ક્રીનીંગને લઈ તંત્ર દ્વારા તૈયારીઓ આરંભી દેવામાં આવી છે. ભારતના સ્વાતંત્ર્ય સંગ્રામની સમગ્ર ગાથા દર્શાવતી "સ્વરાજ" સિરીયલનું આ ખાસ સ્ક્રીનીંગ સાંજે ૪ વાગે શરૂ થશે.

# શહેર-જિલ્લામાં કોરોનાના ૭ કેસ

## સે. ૫ ના દર્દીને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરાયો, શહેર-જિલ્લામાં ૨૧ દર્દી રિકવર થતાં ડિસ્ચાર્જ કરાયા : શહેરમાં આજે સે. ૧, ૨૦, ૫ અને સરગાસણ, સુઘડમાંથી કેસો મળ્યા

ગાંધીનગર, તા. ૨૨

ગાંધીનગર શહેર-જિલ્લામાં કોરોના સંક્રમણનું જોર સતત ઘટી રહ્યુ છે. શહેર-જિલ્લામાં કોરોનાના આજે નવા ૭ કેસ નોંધાતા તંત્રએ રાહતનો શ્વાસ લીધો છે.

ગાંધીનગર શહેરમાં કોરોનાના પાંચ કેસ નોંધાયા છે. શહેરમાં આજે સે. પના એક દર્દીને સઘન સારવારની જરૂરિયાત જણાતાં ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે.

શહેરમાં આજે સે. ૧, ૨૦, ૫ અને સરગાસણ, સુઘડમાંથી કેસો મળી આવ્યા છે. શહેરમાં સંક્રમણ ઘટ્યુ છે અને એક્ટીવ કેસની સંખ્યામાં પણ ઘટાડો નોંધાયો છે. આજે ૮ દર્દી રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે કોરોનાના ૨ કેસ નોંધાયા છે. બન્ને કેસ ગાંધીનગર ગ્રામ્યમાં નોંધાયા છે. ગાંધીનગર તાલુકાના પ્રાંતિયા અને જલુંદ ગામેથી આ કેસો મળ્યા છે. આજે નોંધાયેલા બે દર્દીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. ગ્રામ્ય વિસ્તારમાં ૧૩ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે.

શહેર-જિલ્લામાં રિકવરી રેટ ૯૫ ટકાને પાર થયો હોવાથી તંત્રએ રાહતનો શ્વાસ લીધો છે.

# વરસાદ અને પાક પેટર્નમાં બદલાવ, ખરીફ વાવણી ૮૮ ટકા વિસ્તારમાં સંપન્ન

## મગફળી, તલ, સોયાબીનનો વાવેતર વિસ્તાર વધ્યો, કપાસમાં ચુસિયા પ્રકારની જીવાતનો ઉપદ્રવથી ખેડૂતો પરેશાન

ગાંધીનગર, તા. ૨૨

જિલ્લામાં આ વખતે પાકની વાવેતર પેટર્નમાં બદલાવ જોવા મળ્યો છે. ખેડૂતોએ ત્રણ વર્ષની સરેરાશ વાવેતર સામે આ વખતે મગફળી, તલ અને સોયાબીનની ખેતી તરફ ધ્યાન કેન્દ્રીત કર્યુ છે.

કઠોળ પાકોના વાવેતર વિસ્તારમાં પણ નજીવો વધારો જોવા મળી રહ્યો છે. જિલ્લામાં આકાશી ખેતીનું મહત્વ વધારે છે અને જિલ્લામાં આ વખતે સિઝનનો ૭૫ ટકા વરસાદ અત્યાર સુધીમાં નોંધાઈ ચુક્યો છે.

જિલ્લામાં આ વખતે કપાસ, ચોમાસુ બાજરીના વાવેતર વિસ્તારમાં ઘટાડો જોવા મળી રહ્યો છે. મકાઈનું વાવેતર પણ નજીવુ વધ્યુ છે.

જિલ્લામાં અત્યાર સુધીમાં ૮૮ ટકા ખરીફ વાવણીની કામગીરી સંપન્ન થઈ ગઈ છે. જિલ્લામાં જે વાવેતર થયુ છે તેમાં ડાંગરનું વાવેતર ૧૨,૪૫૩ હેક્ટરમાં, ચોમાસુ બાજરીનું વાવેતર ૧૦૪૩ હેક્ટરમાં, મકાઈનું વાવેતર ૧૪ હેક્ટરમાં, મગનું વાવેતર ૧૫૭૧ હેક્ટરમાં, મઠનું વાવેતર ૧૦૪ હેક્ટરમાં, અડદનું વાવેતર ૭૮૬ હેક્ટરમાં, મગફળીનું વાવેતર ૧૧,૮૭૧ હેક્ટરમાં, તલનું વાવેતર ૪૩૪ હેક્ટરમાં, દિવેલાનું વાવેતર ૧૫,૮૩૨ હેક્ટરમાં, સોયાબીનનું ૧૪૨ હેક્ટરમાં, કપાસનું વાવેતર ૨૦,૫૬૮ હેક્ટરમાં, ગુવારનું વાવેતર ૩૦૧૩ હેક્ટરમાં, શાકભાજીનું વાવેતર ૧૨,૯૩૩ હેક્ટરમાં અને ઘાસચારાનું વાવેતર ૩૧,૯૨૯ હેક્ટરમાં નોંધાયુ છે.

જિલ્લામાં વરસાદ જે રીતે નોંધાયો છે તેથી કપાસના પાકમાં ચુસિયા જીવાતનો ઉપદ્રવ ખેડૂતો માટે પરેશાનીનો મુદ્દો બન્યો છે. છેલ્લા ત્રણ દિવસથી વરસાદે વિરામ લીધો હોવાથી ખેડૂતો નવી વાવણીને બદલે આંતર ખેડ અને નિંદામણની કામગીરીમાં વધુ વ્યસ્ત બન્યા છે.

જિલ્લામાં ખેડૂતોએ તેલિબિયા પાકોના વાવેતરમાં વધુ રસ દાખવ્યો છે અને પરંપરાગત પાકોના વાવેતર વિસ્તારમાં ઘટાડો કર્યો છે. આ વખતે વરસાદની પેટર્નમાં પણ બદલાવ જોવા મળી રહ્યો છે અને ખંડીય વૃષ્ટ્રિ વધુ નોંધાઈ છે.

જિલ્લામાં દહેગામ તાલુકામાં ખરીફ વાવણી ૯૬ ટકા વિસ્તારમાં, ગાંધીનગરમાં ૮૨ ટકા, કલોલમાં ૭૫ ટકા અને માણસામાં ૯૮ ટકા વિસ્તારમાં સંપન્ન થઈ ગઈ છે. જિલ્લામાં અત્યાર સુધીમાં ૧,૧૪,૧૪૪ હેક્ટર વિસ્તારમાં ખરીફ વાવણી થઈ ગઈ છે.



ધોળેશ્વર મહાદેવની જય... - પાટનગરના પાદરે પૌરાણિક શીવાલય એટલે ધોળેશ્વર મહાદેવ... ગાંધીનગર શહેર અને આસપાસના વિસ્તારોના ભાવિકોની શ્રદ્ધાબિંદુ સમા ધોળેશ્વર મહાદેવમાં શ્રાવણના છેલ્લા સોમવારે સવારથી મોડીરાત સુધી શીવભક્તો દર્શનાર્થે ઉમટ્યા હતા... હર-હર મહાદેવ અને જય મહાદેવના જયઘોષથી મંદિર પરિષદ ગાજી ઉઠ્યું હતું... અવનવી ફુલોની રંગોળીથી મહાદેવને શણગારાય છે... અને શ્રાવણ મહિનામાં દૂર-દૂરથી ભાવિકો ધોળેશ્વર મહાદેવના દર્શને ઉમટે છે...

# શહેરમાં સ્વાઈન ફ્લુના વધુ ૨ કેસ નોંધાયા

## બે મહિલાના કેસ : બન્નેએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો : શહેરમાં સ્વાઈન ફ્લુના ૧૬ દર્દી

ગાંધીનગર, તા. ૨૨

ગાંધીનગર શહેરમાં સ્વાઈન ફ્લુના આજે વધુ ૨ કેસ નોંધાયા છે. શહેરમાં જે ગતિએ સ્વાઈન ફ્લુના કેસો વધી રહ્યા છે તેથી તંત્રમાં ચિંતા વધવા પામી છે.

ગાંધીનગર શહેર-જિલ્લામાં હાલ જે બેવડી ઋતુનો માહોલ જોવા મળી રહ્યો છે તેને લઈ સ્વાઈન ફ્લુના કેસો વધી રહ્યા છે. કેસો છુટાછવાયા મળી રહ્યા છે પણ તે ઝડપથી ફેલાતો હોવાથી તંત્રએ પણ હવે આક્રમક રણનીતિ તૈયાર કરી અમલમાં મુકવા માટે મન બનાવી લીધુ છે.

ગાંધીનગર શહેરમાં આજે નોંધાયેલા બે કેસ મહિલા દર્દીઓના છે. આ બન્ને દર્દીઓએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. આજે નોંધાયેલા બે કેસ સાથે શહેરમાં સ્વાઈન ફ્લુના કેસોની સંખ્યા ૧૬ પર પહોંચી છે.

શહેરમાં આજે ઈન્ફોસીટી વિસ્તારમાં ૫૫ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ ઉપરાંત સરગાસણ ગામેથી ૬૫ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવેલ છે.

સ્વાઈન ફ્લુના સંક્રમણમાં પણ મોટી વયના અને મહિલા દર્દીઓ નોંધાતા હોવાથી તંત્રની ચિંતા વધી છે. જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં સ્વાઈન ફ્લુનો એક પણ કેસ નોંધાયો નથી.

### છેલ્લા દોઢ દાયકાથી બિન ઉપયોગી

# શહેરનું એકમાત્ર ઓપન એર થિયેટર હવે મનપા સંભાળશે

## ખંડેર ઓપન એર થિયેટરની જાળવણી કરવાનુ પણ ખાતર માથે દિવા સમાન : શહેરના હાર્દ સમા વિસ્તારમાં મરણપથારીએ પડેલા થિયેટરને જીવંત બનાવવા માટે પણ કોઇ પ્રયાસ થતો નથી : સે-૧૨ નો રંગમંચ રીનોવેશનના અંતે તૈયાર થતા હવે કોર્પોરેશનને સોંપી દેવાશે

ગાંધીનગર તા ૨૨

ગાંધીનગરમાં કોર્પોરેશન અસ્તિત્વમાં આવ્યા બાદ લાંબા સમયના અંતે હવે શહેરના ઉદ્યાનો રંગમંચ અને લગ્નવાડી અને સેકટરોના આંતરિક માર્ગોની જાળવણીનુ કામ પણ હવે મહાનગરપાલિકાને સોંપી દેવાયુ છે. જયારે હવે બાકી રહેતા રંગમંચ પણ રીનોવેશનની કામગીરી બાદ કોર્પોરેશનને સોંપવા પ્રકીયા હાથ ધરવામાં આવી છે. સે-૧૨ ના રંગમંચના રીનોવેશનનુ કામ પુર્ણ થતા હવે તેની પણ સોંપણી કરી દેવાશે આ ઉપરાંત ઘ - ૫ સ્થિત ઓપન એર થિયેટર પણ છેલ્લા દોઢ દાયકાથી ડેડ પ્રોજેકટ પુરવાર થયો છે. જેની નિભાવણી કોર્પોરેશનને સોંપી દેવા માટે પણ પ્રકીયા હાથ ધરવામાં આવી છે.

ગાંધીનગર શહેરમાં ઘ- ૫ પાસે દોઢ દાયકા પહેલા ઓપન એર થિયેટરનુ નિર્માણ કરવામાં આવ્યુ હતુ ઓપન એર થિયેટરના નિર્માણ પાછળ અંદાજિત રૂ ૫૫ લાખનો ખર્ચ કરવામાં આવ્યો હતો પરંતુ સમય જતા આ પ્રોજેકટ લોક સ્વીકૃતિ ન મળતા અત્યાર સુધી ઓપન એર થિયેટર માંડ આંગળીના વેઢે ગણી શકાય તેટલી વાર જ ઉપયોગમાં લેવાયો છે. ઉપયોગના અભાવે ખંડેર બનતા ઓપને એર થિયેટર પાસે કચરાના ઢગ ખડકાયા છે. જયારે થિયેટરની જાળવણી કરવાનો મામલો પણ સરકાર માટે ખાતર માથે દિવા સમાન બન્યુ છે. આ સ્થિતિ વચ્ચે છેલ્લા ઘણાં સમયથી ઓપનએર થિયેટરના સ્થાને નવો પ્રોજેકટ હાથ ધરવા માટે પણ પ્રબળ માંગ ઉઠવા પામી હતી. ઘ-૫ ખાણીપીણી બજાર સામેના હાર્દ સમા વિસ્તારમાં સ્થિત ઓપને એર થિયેટર આસપાસ શ્રમિકોના ઝુંપડા પણ ઉભા થઈ ગયા છે. જો કે હવે દોઢ દાયકાના અંતે માર્ગ મકાન વિભાગ દ્વારા ઓપને એર થિયેટર કોર્પોરેશનને સોંપી દેવા માટે પ્રકીયા હાથ ધરી દેવામાં આવી છે. અત્યાર સુધી કોર્પોરેશન પાસે પણ સેકટરોમાં શેરી સફાઈ અને મિલ્કત વેરા તેમજ ઢોર પકડવા સિવાય અન્ય વિશેષ કામગીરી ન હતી પરંતુ છેલ્લા કેટલાક સમયથી ગુડાનો વિસ્તાર પણ કોર્પોરેશનમાં ભળી જવાની સાથે સેકટરોના ઉદ્યાનો , રંગમંચો અને આંતરિક રસ્તાઓની જાળવણીની જવાબદારી પણ હવે કોર્પોરેશના શીરે છે. ત્યારે ઘ-૫ સ્થિત ઓપન એર થિયેટર પણ હવે કોર્પોરેશને ટુંકમાં જ સોંપી દેવાશે. ઓપન એર થિયેટર એક ડેડ પ્રોજેકટ તરીકે ઉભરી આવ્યો છે. ત્યારે આગામી દિવસોમાં કોર્પોરેશન કક્ષાએથી થિયેટર લોક ઉપયોગી

● અનુસંધાન પાન-૭ પર

# ઝુંડાલ-અડાલજ-ત્રિમંદિરનો માર્ગ ૭૭ કરોડના ખર્ચે આઠ માર્ગીય બનાવાશે

## રૂટમાં આવતા અડાલજના અન્ડર પાસનુ પણ વાઇડનીંગ કરાશે : મહેસાણા પાલનપુર તેમજ ઉત્તર ગુજરાત તરફ જતા ટ્રાફિકની અવરજવર સરળ અને ઝડપી બનશે

ગાંધીનગર તા ૨૨

ગાંધીનગર શહેર સહીત આસપાસના વિસ્તારમાં ટ્રાફિકનુ ભારણ વધી રહ્યુ છે. શહેરમાં પણ મેગાસીટીની જેમ ટ્રાફિક જામના દ્રશ્યો જોવા મળી રહ્યા છે. ત્યારે અમદાવાદ સહીત ઉત્તર ગુજરાત સાથે જોડાયેલા નજીકના માર્ગો પર પણ ટ્રાફિકનો સિનારીયો બદલાયો છે. શહેર આસપાસના મુખ્યમાર્ગો પર ટ્રાફિકનુ ભારણ વધ્યુ છે. જેને અનુલક્ષીને અમદાવાદ મહેસાણા હાઈવે પર ઝુંડાલથી અડાલજ અને ત્રિમંદિર સાથે જોડાયેલા માર્ગને ચાર માર્ગીયમાંથી આઠ માર્ગીય કરવા માટે આયોજન કરાયુ છે. આ કામને મંજુરી આપી દેવામાં આવી છે. જેની પાછળ અંદાજિત રૂ ૭૭ કરોડનો ખર્ચ કરાશે.

ગાંધીનગર આસપાસના વિસ્તારમાં સ્થિત આ માર્ગ ચાર માર્ગીય છે. જયારે આ માર્ગ પર રખડતા ઢોરનો ત્રાસ પણ વધુ છે. આ માર્ગ પર ભારે વાહનોની અવરજવર વચ્ચે ટ્રાફિકનો ધમધમાટ પણ વધ્યો છે. જયારે આ સ્થિતિ વચ્ચે આ માર્ગ પર સલામતી પણ જોખમાઇ છે. જયારે રોડ સેફટીના પરિબળોને ધ્યાનમાં રાખીને આ માર્ગને આઠ માર્ગીય બનાવવા માટે આયોજન કરાયુ છે. આ માર્ગના વાઈડનીંગનુ કામ હાથ ધરવા માટે તંત્ર સમક્ષ સ્થાનિકો દ્વારા અવારનવાર રજુઆતો કરવામાં આવતી હતી . જયારે આ રજુઆતોને અનુલક્ષી આ માર્ગને પહોળો કરવા માટે આયોજન કરાયુ છે.

● અનુસંધાન પાન-૭ પર

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...

SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
ASTRAL PIPES
PRINCE PIPING SYSTEMS
Jaquar experience bathing
DR. FIXIT
Birla White THE WHITEST WHITE CEMENT
VINAYAK 500 ટી.એમ.ટી. સળીયા

જગદીશ સ્ટીલ સ્ટોર્સ

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com